
## સરવાળો સહેલો બન્યો



અનિશાએ ૩૭ રૂપિયાનાં સફરજન ખરીદ્યાં. રાજાએ ૨૧ રૂપિયાનાં કેળાં ખરીદ્યાં.
ફળ વેચનાર સ્ત્રીએ કહ્યું,

૩૭ એટલે ૩૦ + ૭ છે.
૨૧ એટલે ૨૦ + ૧ છે.
તેથી ૩૭ અને ૨૧ મળીને ૫૮ થાય છે.




ચાલો, આપણે પણ પ્રયત્ન કરીએ. આ સરવાળો જુઓ.

૨૬ + ૪૩


૨૦ + ૬ + ૪૦ + ૩

૨૦ + ૪૦ + ૬ + ૩

૬૦ + ૯

૬૯

જવાબ ૬૯ છે.



### ✡ હવે કહો કે તમે એને બીજી રીતે કરી શકશો?

૩૩ + ૫૬ = ૩૦ + ૩ + ૫૦ + ૬

= ૮૦ + ૩ + ૬

= ૮૦ + ૯ = ૮૯

જુઓ કે તમે આ સરવાળા તે જ રીતે કરી શકશો.

૩૭ + ૨૨ = ૩૦ + ૭ + ૨૦ + ૨

= ___ + ___ + ___

= ___ + ___ = ___

૭૩ + ૨૪ = ___ + ___ + ___ + ___

= ___ + ___ + ___

= ___ + ___ = ___

## કેરી-મરચાની રમત

પાસાંની જોડીને ફેંકો અને બંને પાસાંની સપાટી પર મળતાં અંકોનો સરવાળો કરીને આગળ વધો. દરેક ખેલાડી માટે અલગ-અલગ રંગના બટન લો. પાનાની કિનારી પર રમો. જો તમે કેરી પર પહોંચો છો તો તમે આગળ (+) વધી શકશો. જો તમે મરચાં પર પગ મૂક્યો તો તમારે પાછળ (-) જવું પડશે. જુઓ, કોણ પહેલા ઘેર પહોંચે છે.

૫૬ + ૨૧ = ☐ + ☐ + ☐ + ☐

= ☐ + ☐ + ☐

= ☐ + ☐ = ☐

૫૬ + ૨૧ = ૫૬ + ૨૦ + ૧

= ૫૭ + ૨૦

= ૭૭

વાહ!
હું આ રીતે પણ કરી શકું.





હવે તમારા મગજમાં પગથિયાં નક્કી કરી રાખો.
ખાનાઓમાં સીધા જવાબ લખી નાખો.


| | | |
|---|---|---|
| ૩૩ + ૪૨ = ☐ | ☐ = ૩૩ + ૨૭ | ૫૫ + ૨૫ = ☐ |
| ૧૯ + ૬૧ = ☐ | ☐ = ૩૪ + ૬૩ | ૬૭ + ૨૫ = ☐ |
| ☐ = ૪૮ + ૪૨ | ☐ = ૫૩ + ૬૪ | ૭૨ + ૫૬ = ☐ |

## ચાલો, હું તમને વાર્તા કહું...

એક વખત સિંહનું એક બચ્ચું જંગલમાં રસ્તો ભૂલી ગયું. તે રડવા લાગ્યું અને ''મા, મા'' એમ બૂમો પાડવા લાગ્યું. એક વૃદ્ધ હરણને તેના પર દયા આવી, તે તેને પોતાના ઘેર લઈ ગયું. પરંતુ બીજું હરણ ખરેખર ખૂબ જ ગભરાઈ ગયું. તેના બીજા મિત્રો સસલાં, ખિસકોલીઓ અને પક્ષીઓ પણ ગભરાઈ ગયાં. આપણી વચ્ચે સિંહ! અરે ના ના! તે આપણાં બચ્ચાંઓને ભરખી જશે (ખાઈ જશે). વૃદ્ધ હરણે કહ્યું, ગભરાશો નહિ. હું તેને આ બાબતમાં ચેતવણી આપીશ. સવારમાં સિંહના બચ્ચાએ બધાનો આભાર માન્યો અને તેણે જવાનું શરૂ કર્યું. પરંતુ એક સસલાએ કહ્યું - ઊભા રહો, તે આ રીતે જઈ શકે નહિ! તેણે કોઈ શરારત કરી છે કે નહિ તે જોવા મને ગણતરી કરવા દો. આપણે કુલ ૨૪૦ હોવાં જોઈએ. ચાલો ગણીએ.





ટીલુંએ સસલાં અને હરણ ગણ્યાં. ત્યાં ૨૭  હતાં અને ૪૮  હતાં.

વૃદ્ધ હરણે પક્ષીઓ અને ખિસકોલીઓની ગણતરી કરી. ત્યાં ૧૨૪  હતાં અને ૩૮  હતાં.

સંખ્યાની રમતના પ્રકરણમાં બાળકોએ ટોકન કાર્ડ બનાવ્યા હશે. લેખિતમાં સરવાળાની ગણતરી કરાવતાં પહેલાં ટોકન કાર્ડનો મહાવરો કરાવવો.

ચાલો સરવાળો કરીએ અને કેટલાં હરણ અને સસલાં છે તે શોધીએ...






બધા ૧ ને ભેગા કરતાં આપણને ૧૫ ૧ મળે છે.

દસ ૧ ભેગા મળીને એક ૧૦ બનાવે છે.

હવે આપણી પાસે પાંચ ૧ વધે છે.






બધા ૧૦ ને ભેગા કરતાં આપણને સાત ૧૦ મળે છે.

 ની અને  ની કુલ સંખ્યા = ૭૫


તેવી જ રીતે આપણે પક્ષીઓની સંખ્યા અને ખિસકોલીઓની સંખ્યાનો સરવાળો કરીએ.

પહેલાં બધા 1 ને ભેગા કરી તેમનું જૂથ બનાવો.

| | | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|---|
|  | ની સંખ્યા | ૧ | ૨ | ૪ |
|  | ની સંખ્યા + | | ૩ | ૮ |
| | | ૧ | ૬ | ૨ |



હવે બધા ૧૦ ને ભેગા કરીએ અને છેલ્લે ૧૦૦ ને, તો આપણને મળશે....






તેથી પક્ષીઓ અને ખિસકોલીઓ ભેગા મળીને ૧૬૨ હતાં અને હરણ અને સસલાં ૭૫ હતાં.

વૃદ્ધ હરણે કહ્યું, આપણે ૨૪૦ની સંખ્યામાં હતાં. હવે બધાં મળીને આપણે કેટલાં છીએ?

હવે, તમે કલ્પના કરી શકશો? સિંહનું બચ્ચું ઘરે પાછું જઈ શકશે? સિંહના બચ્ચાએ કોઈ પ્રાણીને ખાધું છે?




આ શોધવા માટે, નીચે આપેલ ખાનાઓમાં સરવાળો કરો.


| | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|
|  અને  ની સંખ્યા | | | |
|  અને  ની સંખ્યા + | | | |
| | | | |

## બલ્બ (વીજળીના ગોળા) કેટલા છે?

૧. એક કારખાનામાં પ્રથમ દિવસે ૨૭૦ બલ્બ બન્યા. બીજા દિવસે ત્યાં ૧૨૩ બલ્બ બન્યા,
તો કારખાનામાં કુલ કેટલા બલ્બ બન્યા?






પ્રથમ દિવસે ૨૭૦ બલ્બ




બીજા દિવસે ૧૨૩ બલ્બ












ઉકેલ :

| | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|
| પ્રથમ દિવસે બનાવેલ બલ્બની સંખ્યા | ૨ | ૭ | ૦ |
| બીજા દિવસે બનાવેલ બલ્બની સંખ્યા + | ૧ | ૨ | ૩ |
| સરવાળો | ૩ | ૯ | ૩ |

૨ દુકાનદાર રફી પાસે ૧૫૩ મીણબત્તી હતી. પારસે બીજી વધારે ૨૩૭ મીણબત્તી આપી. હવે રફી પાસે કુલ કેટલી મીણબત્તી થઈ?








ઉકેલ :

| | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|
| | ૨ | ૩ | ૭ |
| + | ૧ | ૫ | ૩ |
| સરવાળો | | | |

આ રીતે નીચે આપેલ વાર્તા-કોયડાઓ ઉકેલો. દરેક કોયડો વાંચો અને તમારા શબ્દોમાં તેને ગોઠવો. જવાબ લખતા પહેલાં તેના વિશેનું અનુમાન કરો.

(૧) ટ્રેનના એક ડબામાં ૧૩૨ લોકો બેઠા છે. બીજા ડબામાં ૧૨૯ લોકો બેઠા છે, તો એકંદરે બંને ડબામાં થઈને કુલ કેટલા લોકો બેઠા છે?



(૨) સોનુએ ૧૩૮ કાંકરા મેળવ્યા.
કરીમે ૪૪ કાંકરા મેળવ્યા,
તો હવે તેમણે કુલ કેટલા કાંકરા મેળવ્યા?



| | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|
| | ૧ | ૩ | ૮ |
| + | | ૪ | ૪ |
| | | | |

(૩) શિક્ષકે પોતાની શાળામાં વિદ્યાર્થીઓને કયાં ફળો ગમે છે તેની નોંધ રાખી. તેમને જે વિગતો મળી તે આ પ્રમાણે છે :


| વિદ્યાર્થીઓ | નારંગી | કેરી | કુલ |
|---|---|---|---|
| છોકરીઓ | ૧૩૬ | ૨૪૦ | |
| છોકરાઓ | ૧૨૮ | ૨૪૩ | |
| કુલ | | | |



શોધો :
(૧) શાળામાં કેટલાં બાળકોને નારંગી ગમે છે?
(૨) શાળામાં કેટલાં બાળકોને કેરી ગમે છે?
(૩) શાળામાં બધા મળીને કુલ કેટલા વિદ્યાર્થી છે?
(૪) શું છોકરીઓની સંખ્યા ૩૫૦ કરતાં વધારે છે કે ઓછી?








## મહાવરાનો સમય

(અ) (૧) ૩૪૫ + ૫૨

(૨) ૪૯૨ + ૨૯

(૩) ૨૪૫ + ૯૩

(૪) ૬૪૩ + ૩૪૫

(૫) ૭૫૦ + ૨૧૯

(બ)

| | | |
|---|---|---|
| ૩૧૯ | ૩૦૪ | ૩૬૩ |
| + ૩૨૩ | + ૪૦૬ | + ૪૫૬ |
| | | |
| ૪૨૭ | ૬૮૪ | |
| + ૨૪૮ | + ૨૩૨ | |
| | | |




### કોયડો


સરવાળો છે પાક્કો દોસ્ત મારો,
થાય ના કદી ઝગડો અમારો,
મને ગણી એને બોલાવો,
તપાસો કે, છું હું સાચો?


### મગજ કસવાની રમત

બે મિત્રો આ રમત રમે છે. તમે દરેક બસ તરફ જુઓ. કેટલાક માણસો ચડે છે (+) અને કેટલાક માણસો ઊતરે છે (–). અંતે કેટલા માણસો રહે છે? તમારા મનમાં ઉકેલ મેળવો! તમારા જવાબની ચર્ચા કરો. જે સૌપ્રથમ સાચો જવાબ આપે છે તે મિત્રને કેટલાક અંક મળે છે. તમારા અંકોની યાદી બનાવો. સરવાળો કરીને નક્કી કરો કે કોણ જીત્યું?




સંખ્યાઓને લખવા માટેના ચાર જુદા-જુદા રસ્તા શોધી કાઢો.








| ૫૯ | ૭૮ | ૮૩ |
|---|---|---|
| ૫૦ + ૯ | + | + |
| ૩૦ + ૨૯ | + | + ૪૩ |
| ૧૯ + ૪૦ | ૩૦ + | + |
| ૫૯ + ૦ | + | + |


| ૯૯ | ૧૦૨ | ૧૬૮ |
|---|---|---|
| + | + | + |
| + ૩૯ | + | + |
| + | + | + ૬૮ |
| + | + ૫૦ | + |

**તમે આ કોયડો ઉકેલી શકશો?**

વર્તુળોમાં ૧,૨,૩,૪,૫ અને ૬ સંખ્યાઓ એવી રીતે લખો કે આકૃતિની દરેક બાજુએ લખેલા અંકોનો સરવાળો ૧૨ થાય.



૫ - અંક જીતો



**મોહનની બૅગ શોધો.**


બધા સરવાળા મૌખિક રીતે કરો.



| | | | |
|---|---|---|---|
| (૧) ૭૫ + ૨૦ = | ૯૫ | (૭) ૬૭૦ + ૧૨૦ = | |
| (૨) ૯૦ + ૬૦ = | ૧૫૦ | (૮) ૩૮૦ + ૨૧૦ = | |
| (૩) ૨૫ + ૩૦ + ૩ = | | (૯) ૨૦૫ + ૬૫૦ = | |
| (૪) ૯ + ૪૦ + ૩૧ = | | (૧૦)૧૨૮ + ૬૦૦ = | |
| (૫) ૫૦૦ + ૨૦૦ – = | | (૧૧)૧૫૦ + ૬૯ = | |
| (૬) ૪૦૦ + ૩૫૦ – = | | (૧૨)૩૭ + ૪૬ + ૩ = | |

મોહનની બૅગ શોધો અને તમારો જવાબ ચકાસો.

ઉપરનાં ખાનાઓમાં લખેલી સંખ્યાઓ કે જેઓ જવાબ છે તેની નીચે લીટી દોરો.



## કાર્ડની રમત

એક દિવસે બંસરી અને ગોપુ રમતા હતાં. બંસરીએ સંખ્યા લખેલાં ત્રણ કાર્ડ ગોપુને આપ્યાં. તેણે તે કાર્ડને બે રીતે ગોઠવ્યાં.




| | | | | |
|---|---|---|---|---|
| ૧૫૦ | – | ૩૦ | = | ૧૨૦ |

બંસરીએ તેમને આ રીતે ગોઠવ્યાં :

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૦ | + | ૩૦ | = | ૧૫૦ |
| ૩૦ | + | ૧૨૦ | = | ૧૫૦ |

શું આ રસપ્રદ નથી?

તમે પણ આ રીતે રમી શકો. અહીં તમારા માટે કાર્ડ તૈયાર છે. જોડકાં ગોઠવો. કાર્ડ સાચાં ખાનાઓમાં મૂકો.

(૧) ૫૦ ૭૦ ૨૦

| | | | | |
|---|---|---|---|---|
| | + | | = | |
| | + | | = | |

૫૦ ૨૦ ૭૦

| | | | | |
|---|---|---|---|---|
| | – | | = | |
| | – | | = | |

(૨) ૩૦ ૪૨ ૧૨

| | | | | |
|---|---|---|---|---|
| | + | | = | |
| | + | | = | |

૩૦ ૪૨ ૧૨

| | | | | |
|---|---|---|---|---|
| | – | | = | |
| | – | | = | |

# ૪ લાંબું અને ટૂંકું

લાલી પોતાના પિતાની દુકાનમાં વસ્તુઓ વેચે છે. એક ખેડૂત દોરડું લેવા આવે છે.




તેથી ખેડૂત પોતાના હાથ વડે દોરડું માપે છે અને લાલી તેનાથી ૭ ગણું દોરડું આપે છે. તમારો અને તમારી માતાનો હાથ માપો. શો તફાવત છે?



અપ્રમાણિત એકમોનો ઉપયોગ કરીને બાળકોને પોતાની આજુબાજુની વસ્તુઓ જુદી-જુદી રીતે મપાય છે તે જોવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. ઉદાહરણ તરીકે દોરડું, કાપડ, ફૂલોનો હાર વગેરેને હાથ, વેંત કે આંગળી વડે માપતાં શીખવો. શરીરના ભાગોથી જુદી-જુદી વસ્તુઓની માપણી કરાવવાની પ્રવૃત્તિ કરાવો.